*This Question Paper contains 8 printed pages.*

Seat No.: G 1 9 6 6 6 6

Sl. No. : 139456

# 046(G)

**(February, 2026)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ (A થી E) વિભાગ છે અને 1 થી 65 પ્રશ્નો છે.

2) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.

3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.

4) નવો વિભાગ નવા પાના પર લખવો.

5) પ્રશ્નોના જનરલ વિકલ્પો આપેલા છે, પરંતુ આકૃતિ / આલેખ / ચિત્ર આધારિત પ્રશ્નોમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જે તે પ્રશ્નમાં આપવામાં આવેલ આંતરિક વિકલ્પ તરીકે આપેલ પ્રશ્ન ધ્યાનમાં લેવા.

6) આ પ્રશ્નપત્રમાં પ્રશ્ન ક્રમાંક 53 (B) માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે.

## વિભાગ - A

■ **નીચે આપેલા પ્રશ્ન 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા ચાર વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. દરેકનો 1 ગુણ છે.** **[20]**

1) ઉચ્ચ સપાટી સંચાલનમાં કોનો સમાવેશ થાય છે ?

(A) નિષ્ણાતો

(B) કામદારો

(C) ખાતાવાર અધિકારીઓ

(D) બોર્ડ ઑફ ડિરેક્ટર્સ

2) વૈજ્ઞાનિક સંચાલન વિચારધારાના પ્રણેતા કોણ છે ?

(A) લ્યુથર ગ્યુલિક

(B) ફ્રેડરીક ટેલર

(C) હેનરી ફેયોલ

(D) પીટર એફ. ડ્રકર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3) નીચેનામાંથી આયોજનનું ઘટક કયું છે ?

(A) સતત પ્રક્રિયા

(B) અંકુશ

(C) દોરવણી

(D) નિયમો

4) નીચેનામાંથી કયા વ્યવસ્થા તંત્રમાં વિભાગ કરતા કાર્યને વધુ મહત્ત્વ આપવામાં આવે છે ?

(A) રૈખિક

(B) કાર્યાનુસાર

(C) અવૈધિક

(D) શ્રેણિક

5) નીચેનામાંથી શું સોંપી શકાતુ નથી ?

(A) સત્તા

(B) જવાબદારી

(C) ઉત્તરદાયિત્વ

(D) કાર્ય

6) માનવ સંસાધન સંચાલનનું મુખ્ય કાર્ય કયું છે ?

(A) વેચાણ વૃદ્ધિ

(B) ગુણવત્તા અંકુશ

(C) કર્મચારી આયોજન

(D) ઉત્પાદન



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

7) બિન સંચાલકીય કર્મચારીઓની પસંદગીની પ્રક્રિયા કેવી છે ?

(A) મુશ્કેલ છે.

(B) ટૂંકી અને સરળ છે.

(C) ખર્ચાળ છે.

(D) લાંબી અને વિશિષ્ટ છે.

8) માસ્લોની જરૂરિયાતોના અગ્રતાક્રમ અનુસાર પહેલી જરૂરિયાત કઈ છે ?

(A) શારીરિક જરૂરિયાતો

(B) સલામતીની જરૂરિયાતો

(C) સામાજિક જરૂરિયાતો

(D) પ્રતિષ્ઠાની જરૂરિયાતો

9) નેતૃત્વના અમલ માટે શાનું અસ્તિત્વ હોવું જરૂરી છે ?

(A) નિરીક્ષકો

(B) નિયોજકો

(C) તાબેદારો

(D) સંચાલકો

10) વિચલનોની જાણકારી મેળવ્યાપછી સંચાલકો તેને દૂર કરવા કેવા ઉપાયો હાથ ધરે છે ?

(A) તાલીમ આપવી

(B) કર્મચારીઓને છૂટા કરવા

(C) સુધારાલક્ષી પગલા લેવા

(D) નિષ્ણાતોની નિમણૂક કરવી

11) મૂડી માળખાના કેટલા પ્રકારો છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

12) ચાલુ જવાબદારીઓ કરતાં ચાલુ મિલકતોનો વધારો એટલે ....

(A) હકારાત્મક કાર્યશીલ મૂડી

(B) નકારાત્મક કાર્યશીલ મૂડી

(C) સરભર કાર્યશીલ મૂડી

(D) કુલ કાર્યશીલ મૂડી

13) એક વર્ષ કે તેથી ઓછા સમય માટે પાકતી મુદત ધરાવતી જામીનગીરીઓનું બજાર એટલે ....

(A) મૂડી બજાર

(B) પ્રાથમિક બજાર

(C) નાણાં બજાર

(D) ગૌણ બજાર

14) સેબી (SEBI) કયા કાયદાથી અસ્તિત્વમાં આવી ?

(A) કંપની ધારો

(B) જામીનગીરી કરાર (નિયમન) ધારો

(C) નેશનલ કંપની ધારો

(D) સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા ધારો (SEBI Act)

15) જ્યારે ઉત્પાદક ગ્રાહકને સીધુ વેચાણ કરતો હોય ત્યારે કેટલી સપાટીવાળી વિતરણ વ્યવસ્થા ઊભી થઈ એમ કહેવાય ?

(A) એક

(B) બે

(C) ત્રણ

(D) શૂન્ય

16) વધુ પડતા જાહેરાત ખર્ચને કારણે શું થાય છે ?

(A) પેદાશની કિંમતમાં વધારો થાય છે.

(B) પેદાશ વધુ આકર્ષક બને છે.

(C) પેદાશ વધુ ગુણવત્તાવાળો બને છે.

(D) પેદાશ બધે જ પ્રાપ્ય થાય છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

17) ગ્રાહક સુરક્ષા કાયદો કયા વર્ષમાં પસાર કરવામાં આવ્યો હતો ?

(A) 1956

(B) 1932

(C) 1986

(D) 2015

18) નીચેના વિકલ્પોપૈકી કોનો સમાવેશ ગ્રાહક સુરક્ષાના કાયદા મુજબની તકરાર નિવારણ સંસ્થામાં થતો નથી ?

(A) લોક અદાલત

(B) જિલ્લા કક્ષાનું ફોરમ

(C) રાજ્ય કક્ષાનું આયોગ

(D) રાષ્ટ્રીય કક્ષાનું આયોગ

19) કઈ ગ્રાહક સુરક્ષાની સંસ્થાની સ્થાપના સાથે અમદાવાદ સંકળાયેલું છે ?

(A) કન્ઝ્યુમર એજ્યુકેશન સોસાયટી એન્ડ રીસર્ચ સેન્ટર

(B) કન્ઝ્યુમર ગાઈડન્સ સોસાયટી ઑફ ઈન્ડિયા

(C) કન્ઝ્યુમર યુનિટી એન્ડ ટ્રસ્ટ સોસાયટી

(D) વોલેન્ટરી ઑર્ગેનાઈઝેશન ઈન ઈન્ટરેસ્ટ ઑફ કન્ઝ્યુમર એજ્યુકેશન

20) ટ્રેડમાર્ક ધારો કયા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યો ?

(A) 1951 (B) 1955

(C) 1999 (D) 1986

## વિભાગ - B

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. દરેકનો 1 ગુણ છે.** **[10]**

21) મધ્યસપાટી સંચાલન બીજા કયા નામથી ઓળખાય છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

22) અંદાજપત્રના પ્રકારો જણાવો.

23) વ્યવસ્થાતંત્ર એટલે શું ?

24) ઉત્તરદાયિત્વ કોને કહેવાય ?

25) IIM નું વિસ્તૃત રૂપ આપો.

26) આધુનિક માહિતી સંચારના કોઈપણ બે સાધનો જણાવો.

27) વિદેશી રોકાણ સંસ્થાએ કોની સમક્ષ તેની નોંધણી કરાવવી પડે છે ?

28) ડિપોઝીટરી કાયદો ક્યારે અમલમાં આવ્યો ?

29) વેચાણ વૃદ્ધિ એટલે શું ?

30) જાહેર હિતની અરજી કઈ કઈ અદાલતમાં કરી શકાય ?

## વિભાગ - C

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 47 સુધીના કુલ 17 પ્રશ્નોમાંથી કોઈપણ 13 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. દરેકના 2 ગુણ છે.** [26]

31) સંચાલનની ઉચ્ચ સપાટીએ થતા કોઈપણ ચાર કાર્યો જણાવો.

32) 'સંચાલનના સિદ્ધાંતો પરિવર્તનશીલ છે.' સમજાવો.

33) કાર્યકારી યોજના સમજાવો.

34) ભરતી એટલે શું ?

35) બૌદ્ધિક કસોટી અને અભિરુચિ કસોટી દ્વારા શું જાણી શકાય ?

36) અભિપ્રેરણ એટલે શું ?

37) અંકુશ કઈ રીતે આંતરિક પ્રક્રિયા ગણાય ?

38) અંકુશના મહત્ત્વ બાબતે કોઈપણ ચાર મુદ્દા લખો.

39) ઉત્પાદન ચક્ર એટલે શું ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

40) નાણાં બજારના સાધનો કયાં છે ?

41) લેબલિંગના કોઈપણ ચાર ઉપયોગો જણાવો.

42) સારા વેચાણકર્તાની કોઈપણ બે લાક્ષણિકતાઓ જણાવો.

43) બ્રાન્ડિંગની કોઈપણ બે લાક્ષણિકતાઓ જણાવો.

44) નીચેની સંજ્ઞાઓના વિસ્તૃતરૂપ આપો.

(i) CCC (ii) CPC

45) ગ્રાહક શોષણ વિશે સમજૂતી આપો.

46) ખાનગીકરણની નકારાત્મક અસરો જણાવો.

47) ધંધાકીય પર્યાવરણના સામાજિક પરિબળો વિશે જણાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 48 થી 59 સુધીના કુલ 12 પ્રશ્નોમાંથી કોઈપણ 8 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેકના 3 ગુણ છે.** **[24]**

48) સંચાલન એક વ્યવસાય છે – સમજાવો.

49) નાણાંકીય સંચાલનના કાર્યો જણાવો.

50) સમજાવો : (i) સત્તા અને જવાબદારીનો સિદ્ધાંત

(ii) હુકમની એકવાક્યતાનો સિદ્ધાંત

51) આયોજનની છ મર્યાદાઓ સમજાવો.

52) અવૈધિક વ્યવસ્થાતંત્રના લક્ષણો જણાવો.

53) (A) **સામાન્ય વિદ્યાર્થીઓ માટે -**

શ્રેણિક વ્યવસ્થાતંત્રની આકૃતિ દોરો.

53) (B) **માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે -**

શ્રેણિક વ્યવસ્થાતંત્રની સમજૂતી આપો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

54) ભરતીના આંતરિક પ્રાપ્તિસ્થાનો સમજાવો. (કોઈપણ ત્રણ)

55) 'આયોજન અને અંકુશ એક જ સિક્કાની બે બાજુઓ છે' - સમજાવો.

56) નાણાંકીય સંચાલનના હેતુઓ સમજાવો.

57) પ્રાથમિક બજાર સમજાવો અને તેની લાક્ષણિકતાઓ જણાવો.

58) જાહેરાતની ભૂમિકા ના કોઈપણ ત્રણ મુદ્દા સમજાવો.

59) વૈશ્વીકરણની હકારાત્મક અસરો જણાવો.

## વિભાગ - E

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 60 થી 65 સુધીના કુલ 06 પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. દરેકના 5 ગુણ છે.** [20]

60) સંચાલનનો અર્થ આપી તેની લાક્ષણિકતાઓ સમજાવો.

61) આયોજનની વ્યાખ્યા આપી તેની પ્રક્રિયા સમજાવો.

62) તફાવત લખો : તાલીમ અને વિકાસ

63) માહિતી સંચારનો અર્થ આપી તેની લાક્ષણિકતાઓ સમજાવો.

64) નાણાંકીય પ્રોત્સાહનોની સમજ આપો.

65) ગ્રાહક સુરક્ષા કાયદા મુજબ ગ્રાહકોના અધિકારો વર્ણવો.

◆◆◆



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in